# એલજે એન્જિ.ના ૬૦ વિદ્યાર્થી સાથે સાયબર ફ્રોડ

## ૬૫ હજારના પેકેજની લાલચ આપી ભેજાબાજોએ ચૂનો લગાવ્યો : આ વિદ્યાર્થીઓને એક પાવર જનરેટ કરતી કંપનીમાં નોકરીની લાલચ આપીને છેતરવામાં આવ્યા હતા

અમદાવાદ, તા.૨૩

હાલ સાયબર ફ્રોડના કિસ્સાઓમાં વધારો થયો છે. સાયબર ક્રૂક્સ રોજે રોજ નવા નવા કિમીયા અપનાવીને લોકોને શિકાર બનાવી રહ્યા છે. ત્યારે અમદાવાદમાંથી મોટું સાયબર જોબ સ્કેમ સામે આવ્યું છે. જેનો શિકાર એન્જિનિયરિંગના ૬૦ જેટલાં વિદ્યાર્થીઓ બન્યા છે. સાયબર ભેજાબાજોએ શહેરની એક ખાનગી યુનિવર્સિટીના વિવિધ એન્જિનિયરિંગના એક કે દસ નહીં પણ ૬૦ જેટલાં સ્ટૂડન્ટ્સને તેનો શિકાર બનાવ્યા છે. સાયબર ભેજાબાજોએ આ સ્ટૂડન્ટ્સને એવી લાલચ આપી હતી કે, તેઓને પ્રતિષ્ઠિત પાવર જનરેશન કંપનીમાં ટ્રેઈની એન્જિનિયરની નોકરી આપવામાં આવશે. આવું કહીને તેઓને જાળમાં ફસાવ્યા હતા. બીજી તરફ, આ ભણેલાં ગણેલાં વિદ્યાર્થીઓ પણ ભેજાબાજોની ચાલમાં ફસાઈ ગયા હતા. એલજે યુનિવર્સિટી અને શહેર પોલીસના વિશ્વસનીય સૂત્રોએ જણાવ્યું હતું કે, ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્યુનિકેશન, કેમિકલ્સ, કમ્પ્યુટર્સ, મિકેનીકલ, ઈન્ફોર્મેશન એન્ડ કમ્યુનિકેશન ટેકનોલોજી, સિવિલ વગેરે જેવા એન્જિનિયરિંગ કોર્ષના સ્ટૂડન્ટ્સ આનો શિકાર બન્યા છે. બદમાશોએ ચાલાકીપૂર્વક તેમને નિશાન બનાવ્યા હતા અને પછી કુલ રુપિયા ૭૫,૦૦૦ની છેતરપિંડી આચરી હતી. વિદ્યાર્થીઓએ જણાવ્યું કે, આ ઘટનાનો ખુલાસો ત્યારે થયો કે જયારે બદમાશોએ એલજે યુનિવર્સિટીના એક પ્રોફેસરને નોકરીની તક માટેનો મેસેજ મોકલ્યો હતો. જે બાદ પ્રોફેસરે તમામ વિદ્યાર્થીઓને આ મેસેજ ફોરવર્ડ કર્યો હતો. જે બાદ નોકરીના કૌભાંડની શંકા ઊભી થઈ હતી.

યુનિવર્સિટીએ બુધવારે સાયબર ગુનેગારો સામે ફરિયાદ નોંધાવવા માટે અરજી કરી હતી. જેમાં લખ્યું હતું કે, અમે સરખેજની એલજે યુનિવર્સિટી, એલજે ઈન્સ્ટિટ્યૂટ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેકનોલોજીની સંસ્થા છે. આ ઘટનાની જાણ કરી રહ્યાં છીએ કે, ગઈ ૨૧ જૂન, ૨૦૨૩ના રોજ સાંજે પાંચથી છ વાગ્યાની વચ્ચે એક વેબસાઈટ પરથી વોટ્સએપ મેસેજ મળ્યો હતો. જેમાં દરેક ઉમેદવાર પાસેથી રુપિયા ૧૨૫૦ની ફી માગવામાં આવી હતી. કેટલાંક વિદ્યાર્થીઓએ ફોર્મ ભર્યુ અને ક્યૂઆર કોડ દ્વારા ચૂકવણી કરી હતી. ત્યારબાદ અમને જાણવા મળ્યું કે, આ એક છેતરપિંડીનો ભાગ છે. ઈલેક્ટ્રોનિક્સ એન્ડ કમ્યુનિકેશનના એક વિદ્યાર્થી કેવિન દેસાઈએ પણ તેનો અનુભવ શેર કરતા કહ્યું કે, પ્રોફેસરને વોટ્સએપ પર મળેલાં મેસેજની મેં વેબસાઈટ ચેક કરી હતી. જે એક અગ્રણી જૂથ સાથે જોડાયેલી હોવાનું જાણવા મળ્યું હતું. જેમાં એવો પણ ઉલ્લેખ હતો કે, ટ્રેઈની એન્જિનિયર્સને મહિને રુપિયા ૬૫ હજારનો પગાર આપવામા આવશે. મેં વિશ્વાસ રાખીને તરત જ એન્ટરન્સ એક્ઝામ અને મેડિકલ ટેસ્ટ માટે રુપિયા ૧૨૫૦ ભરી દીધાં. આ મેસેજમાં એવી પણ સ્પષ્ટતા કરવામાં આવી હતી કે, જો ઉમેદવાર પસંદ ન થાય તો તેને રિફંડ મળશે. જેથી મેં અને મારા સાથી વિદ્યાર્થીઓએ આંધળો વિશ્વાસ મૂકી દીધો અને રુપિયા ચૂકવી દીધા હતા.

એના થોડા દિવસો પછી અમને પાવર જનરેશન કંપની દ્વારા સમર્થનનો કોઈ ઈમેલ ન નળ્યો એટલે શંકા ગઈ હતી, એવું કેવિને ખુલાસો કર્યો હતો. જ્યારે છેતરાયેલા વિદ્યાર્થીઓને કંપની તરફથી કોઈ ઈમેલ ન મળ્યો એટલે તેઓએ પ્રોફેસરને આ વાતની જાણ કરી હતી, જેઓએ આ મેસેજ ફોરવર્ડ કર્યો હતો.

### રથયાત્રામા ગુમ થયેલાનુ પરિવાર સાથે મિલન

# રથયાત્રામાં ગુમ ૭૨ દર્શનાર્થીઓનું સીઆઈડી ક્રાઈમની ટીમે પરિવાર સાથે મિલન કરાવ્યું

## ભારે ભીડમાં ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન હદમાંથી ૧૨ બાળકો, ૯ મહિલાઓ, ૭ વડીલો તેમજ ૧૨ પુરુષો ગુમ થયા હતા

અમદાવાદ, તા.૨૩

અમદાવાદ ખાતે ૨૦ જૂનના રોજ યોજાયેલી ભગવાન જગન્નાથજીની ૧૪૬મી રથયાત્રા ખાતે દર્શને આવેલા દર્શનાર્થીઓ પૈકી ગુમ થઈ ગયેલા બાળકો, મહિલાઓ તેમજ વડીલો સહિત ૭૨ દર્શનાર્થીઓ રથયાત્રાની ભારે ભીડમાં ગુમ થઈ ગયા હતાં.રથયાત્રા દરમિયાન બાળકો, મહિલાઓ તેમજ વડીલોને સહાયરૂપ થવા માટે બનાવાયેલી ''સ્પેશિયલ-૫૬'' ટીમદ્વારા



આ વિખૂટા પડી ગયેલા ૭૨ લોકોનું તેમના પરિવાર સાથે પુનઃ મિલન કરાવી આ પરિવારોના ચહેરા પર સ્મિત રેલાયું હતું. જે બદલ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ મહિલા અને બાળ મિત્રની ''સ્પેશ્યલ -૫૬ '' ટીમને અભિનંદન પાઠવ્યા છે. ભગવાન જગન્નાથજીની અમદાવાદ ખાતે યોજાયેલી રથયાત્રામાં નાના બાળકો, મહિલાઓ તથા વડીલોને ખાસ સહાયરૂપ થવા માટે જગન્નાથ મંદિર તથા સરસપુર ખાતે સી.આઈ.ડી ક્રાઈમના ''મહિલા અને બાળ મિત્ર'' ના અમદાવાદ શહેરના સક્રિય ૫૬ સભ્યોની ફાળવણી કરી ''સ્પેશ્યલ -૫૬ '' ટીમ બનાવાઈ હતી. રથયાત્રા દરમિયાન દર્શનાર્થીઓની ભારે ભીડમાં ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન હદ વિસ્તારમાંથી ૧૨ બાળકો, ૯ મહિલાઓ, ૭ વડીલો તેમજ ૧૨ પુરુષો ગુમ થઈ ગયા હતા. તે ઉપરાંત સરસપુર શહેર કોટડા વિસ્તારમાંથી ૧૮ બાળકો, ૬ મહિલાઓ અને ૮ પુરુષો ગુમ થયા હતાં. આ તમામ ૭૨ ગુમ થયેલા નાગરિકોમાં ૩૦ બાળકો, ૧૫ મહિલાઓ અને ૭ વડીલો હતા. ઉપરાંત પાંચ વર્ષના એક મૂક બાળકનો પણ તેમાં સમાવેશ થતો હતો. પરિવારથી વિખૂટા પડી ગયેલા આ તમામ ૭૨ લોકોને ''સ્પેશ્યલ -૫૬ '' ટીમે પોતાના પરિવાર સાથે પુનઃ મિલન કરાવ્યું છે. આ સરહાનીય કામગીરી બદલ ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવીએ સમગ્ર ટીમને અભિનંદન આપી કામગીરીને બિરદાવી છે.

### શ્રાવણ માસથી થાય છે મલમાસની શરૂઆત

# ચાર મહિના માટે લગ્ન સહિત અન્ય માંગલિક કાર્યો બંધ રહેશે

## વર્ષ ૨૦૨૩માં હવે આગામી ચાર મહિના કોઈ પણ શુભ માંગલિક કાર્ય નહિ થાય અને કોઈ શરણાઈ નહિ વાગે

અમદાવાદ, તા.૨૩

વર્ષ ૨૦૨૩માં હવે આગામી ચાર મહિના કોઈ પણ શુભ માંગલિક કાર્ય નહિ થાય અને કોઈ શરણાઈ નહિ વાગે. હિન્દુ ધર્મશાસ્ત્ર મુજબ ચાતુર્માસ આરંભ થયા જ માંગલિક કાર્ય લગ્ન, વિવાહ, મુંડન, ઉપનયન સંસ્કાર જેવા કાર્યો બંધ થઈ જાય છે. કહેવાય છે કે શ્રાવણ માસ આવતા જ ચાતુર્માસ થાય છે. માટે આને મહામાસ અથવા ખરમાસ કહેવાય છે. પંડિત દયાનાથ મિશ્રા કહે છે કે શ્રાવણ માસ આવતાની સાથે જ મલમાસ શરૂ થઈ જાય છે અને શુભ કાર્યો નિષેધ થઈ જાય છે. શ્રાવણ પછીનો અશ્વિન અને કારતકનો અર્ધ માસ શુભ કાર્ય માટે વર્જિત માનવામાં આવે છે. તેમણે કહ્યું કે આ દરમિયાન લગ્ન, યજ્ઞોપવિત અને મુંડન સહિતના અન્ય શુભ કાર્યો કરવામાં આવતા નથી. પંડિતજી કહે છે કે ૧૬ નવેમ્બરથી ૧૭ ડિસેમ્બર સુધીની તારીખ શુભ કાર્ય માટે શુભ રહેશે. ૧૪ જાન્યુઆરી પછી ફરીથી શુભ કાર્ય શરૂ થાય છે અને પછી ૧૪ માર્ચ પછી અટકી જાય છે. તે પછી તે ૧૪મી એપ્રિલ પછી શરૂ થાય છે અને ૧૭મી જુલાઈએ સમાપ્ત થાય છે. પંડિતજી કહે છે કે શ્રાવણને તમામ મહિનાઓમાં શ્રેષ્ઠ માનવામાં આવે છે. તેથી, આ મહિનો શરૂ થતાંની સાથે જ મલમાસનો મહિનો શરૂ થઈ જાય છે. એટલા માટે આગામી ચાર મહિના સુધી શુભ કાર્યો કરવામાં આવતા નથી અને જે લોકો હિંદુ ધર્મમાં માનતા હોય છે તેઓ આ બાબતોથી દૂર રહે છે. માંગલિક કાર્યો અશુદ્ધ પ્રારંભમાં થતા નથી. પણ પૂજા પાઠ એવા છે.

# અમદાવાદ, સુરત સહિત રાજયમાં ૨૧ ક્લિનિકના ૪૦ સ્થળો પર દરોડા

## સ્ટેટ જીએસટી વિભાગનો સપાટો : કોસ્મેટીક સર્જરી, સ્કીન-હેર ટ્રીટમેન્ટ, પ્લાસ્ટિક સર્જરીના એકમ પર દરોડા

અમદાવાદ, તા.૨૩

સ્ટેટ જીએસટી વિભાગના રાજ્યભરમાં ૪૦ સ્થળો પર દરોડા પાડ્યા છે. જેમાં કોસ્મેટીક સર્જરી, સ્કીન-હેર ટ્રીટમેન્ટ, પ્લાસ્ટિક સર્જરીના એકમ પર દરોડા પાડ્યા છે. અમદાવાદમાં ૯ ક્લિનીકનાં ૧૬ સ્થળો પર દરોડા પડ્યા છે. જ્યારે વડોદરામાં ૫ ક્લિનીકનાં ૯ સ્થળો પર દરોડા પડ્યા છે. તેમજ સુરતનાં ૫ ક્લિનિક પર ૧૫ સ્થળોએ દરોડા પડ્યા છે. ત્યારે કુલ ૨૧ ક્લિનીક અને ૪૦ સ્થળો પર સ્ટેટ જીએસટી દ્વારા દરોડા પાડવામાં આવ્યા છે. માર્ચ મહિનો પૂર્ણ થયા બાદ જીએસટી વિભાગ દ્વારા વેપારી, ડૉક્ટરોની આવકની ચકાસણી તેમજ તેઓ દ્વારા ભરવામાં આવેલ ટેક્ષની ચૂકવણી કર્યા બાદ જો શંકાસ્પદ વ્યવહારો લાગે તે જીએસટી વિભાગ દ્વારા ત્યાં રેડ કરી તપાસ કરવામાં આવે છે. ત્યારે આજે રાજ્યમાં ૪૦ સ્થળો પર જીએસટી વિભાગ દ્વારા રેડ પાડવામાં આવી છે. ત્યારે વેરાપાત્ર સેવાની સ્ટેટ જીએસટી ચકાસણી કરી વેરો નક્કી કરવામાં આવશે. સ્ટેટ જીએસટી દ્વારા તમામ સ્થળો પર તપાસ ચાલુ છે.



ઈસનપુર રોડ પર પડેલ ભુવામાં ૧ ટ્રકપલટી મારી હતી જેમાંથી ટ્રકનો સામાન બીજી ટ્રકમાં બદલવામાં આવ્યો હતો.

# સાઈન્ટ ડીએલએમ લિમિટેડનો આઈપીઓ ૨૭મીએ ખુલશે

અમદાવાદ, તા.૨૩

સાઈન્ટ ડીએલએમ લિમિટેડ ("કંપની") મંગળવાર, ૨૭ જૂન, ૨૦૨૩ના રોજ રૂ. ૫,૯૨૦.૦૦ મિલિયન ("ઈશ્યૂ") સુધીના ઈક્વિટી શેરના તેટલા મૂલ્યના નવા ઈશ્યૂનો સમાવેશ કરતા તેના આઈપીઓ ખોલવાની દરખાસ્ત કરે છે. બિડ/ઈશ્યૂની અંતિમ તારીખ શુક્રવાર, ૩૦ જૂન, ૨૦૨૩ હશે. એક્કર ઈન્વેસ્ટર બિડ/ઈશ્યૂનો સમયગાળો, બિડ/ઈશ્યૂ ખોલવાની તારીખ પહેલાંનો એક કાર્યકારી દિવસ છે, એટલે કે, સોમવાર, જૂન ૨૬, ૨૦૨૩. ઈશ્યૂ માટે પ્રાઈસ બેન્ડ રૂ. ૨૫૦ પ્રતિ ઈક્વિટી શેરથી રૂ. ૨૬૫ પ્રતિ ઈક્વિટી શેર નક્કી કરવામાં આવી છે. બિડ ઓછામાં ઓછા ૫૬ ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ ૫૬ ઈક્વિટી શેરના ગુણાંકમાં કરી શકાય છે. કંપનીએ બીઆરએલએમ સાથે ચર્ચા-વિચારણા કરીને રૂ. ૧,૦૮૦.૦૦ મિલિયનના કુલ ૪૦,૭૫,૪૭૧ ઈક્વિટી શેરનું ખાનગી પ્લેસમેન્ટ હાથ ધર્યું છે. સિક્યોરિટીઝ કોન્ટ્રાક્ટ્સ (રેગ્યુલેશન) રૂલ્સ, ૧૯૫૭ના નિયમ ૧૯(૨)(b) ના મુજબ, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયાના (ઈશ્યુ ઓફ કેપિટલ એન્ડ ડિસ્ક્લોઝર રિક્વાયરમેન્ટ્સ) રેગ્યુલેશન્સ, ૨૦૧૮ના સુધારા (''SEBI ICDR રેગ્યુલેશન્સ'')ના નિયમન ૩૧ સાથે વાંચવામાં આવેલા સુધારેલા ("SCRR") મુજબ આ ઈશ્યૂ બુક બિલ્ડીંગ પ્રક્રિયા દ્વારા કરવામાં આવી રહ્યો છે.

# આત્મીય કોલેજના ત્યાગવલ્લભ સ્વામી સામે ૩૩ કરોડની છેતરપિંડીની ફરિયાદ

## સ્વામીએ જૂદા જૂદા લોકોના નામે ૨૦ જેટલા ખાતા ખોલાવ્યા હતા, કૌભાંડની ફરિયાદ થતા જ હાલ સ્વામી મળતિયાઓ સાથે ફરાર થઈ ગયા છે

રાજકોટ, તા.૨૩

સાધુએ ધનનો સંગ્રહ ન કરવો જોઈએ. શિક્ષાપત્રીમાં ભલે ભગવાન સ્વામિનારાયણે આ ઉપદેશ આપ્યો હોય પરંતુ કદાચ આ સંદેશ કેટલાંક સાધુઓ ભૂલી ચૂક્યા છે. રાજકોટના આત્મીય યુનિવર્સિટીના ત્યાગવલ્લભ સ્વામી સામે રૂ.૩૩.૬૦ કરોડની છેતરપિંડીનો કેસ નોંધાયો છે. પોલીસે સ્વામી સહિત ૫ લોકો સામે કરોડોના કૌભાંડની ફરિયાદ નોંધી છે. પોતાની વિરૂદ્ધ ફરિયાદ દાખલ થતાં જ સ્વામી ત્યાગવલ્લભ ભુગર્ભમાં ઉતરી ગયા છે. જોકે ધરપકડથી બચવા ત્યાગવલ્લભ સ્વામી સહિત તેમના મળતીયાઓએ કોર્ટમાં આગોતરા અરજી કરી છે. જેના પર સોમવારે સુનાવણી હાથ ધરાશે.

પોલીસે ફરિયાદના આધારે તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે અને બેંક તથા ચેરિટી કમિશનરની ઓફિસ પાસે આત્મીય ટ્રસ્ટના આર્થિક વ્યવહારોની વિગતો માંગી છે. આત્મીય યુનિવર્સિટીના નામે કરોડોના કૌભાંડનો પર્દાફાશ થયા બાદ ત્યાગની મૂર્તિ એવા ત્યાગ વલ્લભ સ્વામી અને તેમના મળતીયાઓ ફરાર થઈ ગયા છે. ત્યાગવલ્લભ સ્વામી જે ઓફિસમાં બેસીને કૌભાંડનો વહીવટ કરતા હતા તે ઓફિસના પ્રવેશદ્વાર પર મીડિયા સહિત તમામના પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દેવાયો છે. એટલું જ નહીં માત્ર સ્ટાફ અને ખાસ અનુયાયીઓ સિવાય તમામની એન્ટ્રી પર રોક લગાવી દેવાઈ છે.

સેવાનો ઉપદેશ આપનાર ત્યાગવલ્લભ સ્વામી હાલ ક્યાં તે સવાલ સત્સંગીઓમાં ચર્ચાનો વિષય બન્યો છે. ત્યારે ટીવીનાઈની ટીમ તેમના નિવાસ સ્થાન આત્મીય ધામ ખાતે પહોંચી. જોકે અહીં પણ સન્નાટો જોવા મળ્યો.સંતો અને સેટિંગબાજોની ચહલપહલથી ધમધમતું આત્મીય ધામ આજકાલ સુમસામ ભાસી રહ્યું છે.

# પાલનપુરમાં જવેલર્સના માલિકને લૂંટવાનું કાવતરૂં નિષ્ફળ રહ્યું

બનાસકાંઠા, તા.૨૩

બનાસકાંઠામાં ડીસા ખાતે ચાર જેટલા ધાડપાડું અપરાધીઓ પાલનપુરમાં એક મોટા જ્વેલર્સને બંદૂકની અણીએ લૂંટવાનો પ્લાન બનાવતા હતા. જોકે આ બાબતે ડીસા ઉત્તર પોલીસે બાતમીના આધારે આ તમામ લોકોને ઝડપી પાડી જેલ હવાલે કર્યા છે. આ આરોપીઓ પાસેથી એક દેશી બનાવટની પિસ્તોલ તેમજ એક જીવતું કારતૂસ પણ ઝડપાયું છે.

આજે ડીસા ખાતે જિલ્લા પોલીસવડા અક્ષય રાજ મકવાણાએ આ ક્રાઈમ વિશે ઝડપાયેલા આરોપીઓ અને તેમના દ્વારા ઘડાયેલ અપરાધ પ્લાન તેમજ અપરાધીઓ ક્રાઈમ કરે તે પહેલા પોલીસે તેઓને કેવી રીતે ઝડપ્યા તેની માહિતી આપી હતી.

# રાજકોટમાં મેંગો મિલ્ક શેકના નમૂના ફેલ થતાં કોર્ટે સજા ફટકારી

## પટેલ રસના મેંગો મિલ્ક શેકનાં નમૂના ફેલ થયા : ૧૦ વર્ષ પહેલાં મેંગો મિલ્ક શેકમાં પ્રતિબંધિત કલર મળી આવ્યો હતો, જે બાબતે હવે મ્યુનિસિપલ કોર્ટે માલિકને એક મહિનાની સજા ફટકારી છે

રાજકોટ, તા.૨૩

રાજકોટથી એક મોટા સમાચાર સામે આવ્યા છે. વાત જાણે એમ છે કે, રાજકોટ મ્યુનિસિપલ કોર્ટે મેંગો મિલ્ક શેકના નમૂના ફેલ થતાં માલિકને એક મહિનાની સજા ફટકારી છે. મહત્વનું છે કે, ૧૦ વર્ષ પહેલાં મેંગો મિલ્ક શેકમાં પ્રતિબંધિત કલર મળી આવ્યો હતો. જે બાબતે હવે મ્યુનિસિપલ કોર્ટે માલિકને એક મહિનાની સજા ફટકારી છે.

રાજકોટમાં પોપટપરા રોડ પર પટેલ રસના મેંગો મિલ્ક શેક નામની દુકાનમાંથી નમૂના લેવાયા હતા. જે નમૂના ફેલ થયા બાદ હવે મોટી કાર્યવાહી સામે આવી છે. વિગતો મુજબ ૬ જૂન ૨૦૧૩ના રોજ આ નમૂના લેવામાં આવ્યા બાદ ફેલ ગયા હતા. જેને લઈ હવે મ્યુનિસિપલ કોર્ટે માલિકને એક મહિનાની સજા ફટકારી છે. આ સાથે ટારજનપુરી ગોસ્વામી, સોમાભાઈ ખૂંટને ૧-૧ લાખનો દંડ ફટકાર્યો છે.

## રદ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

નોટીસ આપવામાં આવ્યા બાદ પણ લાંબા સમયના અંતે નાંણા ભરપાઈ કરવામાં આવ્યા નથી. ત્યારે આવા કિસ્સામાં ગુડા હવે આવાસની ફાળવણી રદ કરવા સુધીના પગલા લેવાની તૈયારીમાં છે. આવા કિસ્સામાં ગુડા દ્વારા નોટીસ પણ આપવામાં આવી છે. જયારે ટુંકમાં જ આવાસોના પૈસા ન ચુકવવા બદલ લાભાર્થીને આવાસનો લાભ આપવામાં આવશે નહીં. ગુડાએ આવા સમયસર પૈસા ન ચુકવનાર લાભાર્થીઓની યાદી પણ તૈયાર કરી દીધી છે. જયારે ટુંકમાં જ આ મામલે આગળની કાર્યવાહી હાથ ધરાશે. અત્રે ઉલ્લેખનીય છે કે ગુડાનુ તંત્ર છેલ્લા ઘણાં સમયથી આર્થિક ભીંસમાં છે. ત્યારે આવકના નવા સ્ત્રોત ઉભા કરવા માટે પણ પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આવાસ યોજનાના નિર્માણ પાછળ પણ ગુડા કક્ષાએથી મોટુ બજેટ ફાળવવામાં આવે છે ત્યારે લાભાર્થીઓને ઓછા પૈસામાં નવા મકાન મળી રહે તે માટે ગુડા દ્વારા નવા આવાસો બાંધી લાભાર્થીઓના ઘરના ઘરનુ સ્વપ્ન પુરુ કરવામાં આવે છે ત્યારે આ સ્થિતિ વચ્ચે પણ આવાસની પાછળ થતા તોતિંગ ખર્ચ સામે લાભાર્થીઓ નાણાની ચુકવણી સમયસર ન કરતા હોવાથી ગુડાએ હવે આકરા પગલા લેવાની શરૂઆત કરી છે.

## આવક મેળવી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તળિયાની કુલ કિંમત ૧૩.૨૭ કરોડની સામે અમદાવાદની એલ. એમ, પેટ્રોલિયમ નામની પેઢીએ ૧૩.૪૬ કરોડની બોલી લગાવી આ પ્લોટ પર કબજો કાયમ કર્યો છે વધુમાં વાવોલમાં વાણિજ્ય હેતુ ના ૨,૯૨૫ ચોરસ મીટર તેમજ અન્ય પ્લોટ માટે પ્રતિ મીટરનો ભાવ રૂપિયા ૪૧,૦૦૦ નિયત ભાવ અને તળિયાની કિં ૧૧.૯૯ કરોડની સામે શહેરની અતુલ્ય ડેવલપર્સ નામની પેઢીએ ૧૯.૧૩ કરોડની બોલીના આધારે પ્લોટ હાંસલ કર્યો છે અમદાવાદ અને ગાંધીનગરના ખરીદારો હરાજીમાં ઉત્સાહથી ભાગ લીધો હતો.

## મહાન

● અનુસંધાન પહેલાનું ચાલુ

તેમણે કહ્યું કે યુદ્ધને કારણે વિકાસશીલ દેશો પ્રભાવિત થયા છે. આ ઉપરાંત ચીન અને પાકિસ્તાન અંગે તેમણે કહ્યું કે સંઘર્ષના કાળા વાદળો ઈન્ડો-પેસિફિક ક્ષેત્ર પર પણ અસર કરી રહ્યા છે. પ્રદેશમાં સ્થિરતા એ અમારી સહિયારી ચિંતા છે. આપણે સાથે મળીને સુખ જોઈએ છે. ૯/૧૧ અને ૨૬/૧૧ પછી આતંકવાદ મુખ્ય ચિંતાનો વિષય બની ગયો છે. આતંકવાદ માનવતાનો દુશ્મન છે અને તેની સામે આપણે સાથે મળીને લડવું જોઈએ.

## અબોર્ટ મિશન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઓર્ગેનાઈઝેશન (ઈસરો)ના અધ્યક્ષ એસ. સોમનાથે ગુરુવારે આ માહિતી આપી હતી. અહીં ફિઝિકલ રિસર્ચ લેબોરેટરીમાં એક ઈવેન્ટ દરમિયાન તેમણે કહ્યું કે ગગનયાન માટે પ્રથમ અને મુખ્ય બાબત એ છે કે અવ્યવસ્થિત મિશનને અંજામ સુધી પહોંચાડવું. તેના માટે અમે પરિક્ષા વાહન નામનું નવું રોકેટ બનાવ્યું છે જે શ્રીહરિકોટામાં તૈયાર છે. ક્રૂ મોડ્યુલ અને ક્રૂ એસ્કેપ સિસ્ટમની એસેમ્બલી હાલમાં તૈયારી હેઠળ છે. તેમના મતે તેનું પહેલું મિશન માનવરહિત હશે.

## બંધ કરવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

કંપની પર ઉત્પાદન સ્ટોપ કરવાનો ઓર્ડર આપવામાં આવ્યો છે અને તેના પછી અન્ય બે ફાર્મા કંપનીને બંધ કરવામાં આવી છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના ઉચ્ચ અધિકારી સુત્રોના જણાવ્યા પ્રમાણે વિદેશોમાં ભારતીય દવાઓ પર સવાલ ઉભા થતા ડીસીજીઆઈ અને સ્ટેટ ડ્રગ રેગ્યુલેટરે ઉત્પાદકોની ગુણવતાના પરિક્ષણને લઈને એક અભિયાન શરુ કરવામાં આવ્યુ છે. તેના વિશે અલગ- અલગ રીતે તપાસ કરી અત્યાર સુધી ૧૩૪ દવા કંપનીઓનું ઈન્સ્પેકશન કરવામાં આવ્યું હતું. જેમા હિમાચલ પ્રદેશની ૫૧, ઉત્તરાખંડના ૨૨, મધ્યપ્રદેશની ૧૪, ગુજરાતની ૯, દિલ્હીની ૫, તમિલનાડુના ૪, પંજાબની ૪, હરિયાણાની ૩, રાજસ્થાનની -૨, કર્ણાટકની -૨ કંપનીઓનો સમાવેશ થાય છે.

## ક્લાઉડ સીડિંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પ્રોફેસર મનિન્દ્ર અગ્રવાલ આ પ્રોજેક્ટની આગેવાની કરી રહ્યા છે. ડીજીસીએ (ડાયરેક્ટોરેટ જનરલ ઓફ સિવિલ એવિએશન)ની મંજૂરી મળ્યા બાદ આ ટેસ્ટિંગ કરવામાં આવ્યું છે.

ક્લાઉડ સીડીંગમાં વિવિધ રાસાયણિક એજન્ટો જેમ કે સિલ્વર આયોડાઈડ, ડ્રાય આઈસ, મીઠું અને અન્ય તત્વોનો ઉપયોગ વરસાદની સંભાવનાને વધારવાના હેતુથી થાય છે. પ્રોફેસર મનિન્દ્ર અગ્રવાલે પ્રોજેક્ટ અંગે જણાવ્યું કે, અમને ખુશી છે કે ક્લાઉડ સીડિંગ દ્વારા કરાયેલું અમારું પરીક્ષણ સફળ થયું છે.

## સેન્સેક્સ

● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈન્ફોસિસ, પાવર ગ્રીડ, ટાટા સ્ટીલ, અલ્ટ્રાટેક સિમેન્ટ, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા, બજાજ ફિનસર્વ, એચસીએલ ટેક્નોલોજીસ અને બજાજ ફાઈનાન્સ શેરોનો સમાવેશ થાય છે. ઈન્ડસઈન્ડ બેંક, એશિયન પેઈન્ટ્સ, એનટીપીસી, આઈસીઆઈસીઆઈબેંક, ભારતી એરટેલ અને નેસ્લેએ લીલા નિશાન સાથે ૮ શેરોમાં સ્થાન બનાવ્યું અને તેમના રોકાણકારો નફામાં રહ્યા.

## દંત-ચિકિત્સા

● અનુસંધાન ચોથાનું ચાલુ...

● ઓર્થોગ્નેથિક સારવાર કરાવતા પહેલા....

દર્દીના વાંકાચૂકા દાંતને સીધા કરવામાં આવે છે આ સિવાય ઉપરના જડબા અને નીચેના જડબામાં બે કોઈ દાંત પાડવાની જરૂર લાગે, તો તેનું નિવારણ કરવામાં આવે છે. દર્દીના મોઢામાં તમામ વાંકાચૂકા દાંતને સીધા કરવા દાંતની વચ્ચેની જગ્યા બધ કરવી જરૂરી હોય છે. આ બધી જરૂરી વસ્તુઓ પૂરી કર્યા બાદ સર્જરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

જેમાં સૌ પ્રથમ મોડલ સર્જરી કરવામાં આવે છે. તેમાં જરૂરી મૂવમેન્ટ કરાવીને ફાઈનલ ટ્રીટમેન્ટ, પ્લાન થઈ શકે છે. હવે લેટેસ્ટ ટેક્નોલોજીની મદદથી તો એ મોક સર્જરી વર્ચ્યુઅલ રીતે કરીને દર્દીને સર્જરી કર્યા બાદ ચહેરો અને દેખાવ કેવો લાગશે તે પહેલા જ માહિતી મળી શકે છે.

ઉપરના ચડબા માટે લિ ફોર્ટ સર્જરી, સેગમેન્ટ સર્જરી નીચેના જડબા માટે (BSSO) આ ઉપરાંત દાઢીમાં પણ સર્જરી કરી દેખાવ માં ફેરબદલ શક્ય છે.

● ઓર્થોગ્નેથિક સારવાર કર્યા બાદ....

સામાન્ય રીતે કોઈ પણ સર્જરીની જેમ આ સર્જરીમાં પણ ૧ કે ૨ દિવસનું હોસ્પિટલાઈઝેશન જરૂરી બને છે. આ સિવાય સામાન્ય રીતે એન્ટિ બાયોટીક અને પેઈન કિલર દવાઓ જરૂરી બને છે.

સર્જરીના એક અઠવાડિયા બાદ દર્દીને ઢીલો, પોચો ખોરાક અને રીસ્ટ્રીકટેડ માઉથ ઓપનિંગનું ધ્યાન રાખવું જરૂરી છે.

ત્યારબાદનાં બે અઠવાડિયા ધીમે ધીમે વ્યક્તિને ચાવવાની અને મોઢાની અન્ય કસરતો શરૂ કરાવવામાં આવે છે. લગભગ ૬ થી ૮ અઠવાડિયા બાદ વ્યક્તિ નોર્મલ ખોરાક લઈ શકે છે. ત્યારબાદ દર્દીની પોસ્ટ ઓર્થોડોન્ટિક સારવાર દ્વારા બાકીનાં દાંતને પણ સીધા કરી શકાય છે.

ઓર્થોગ્નેથિક સર્જરીની સાથોસાથ જો જરૂરી લાગે તો દર્દીના ચહેરા અને દેખાવની આવશ્યકતા અનુસાર હોઠ, અથવા નાકની પણ સર્જરી કરી યોગ્ય દેખાવ આપી શકાય છે.

પરંતુ સર્જરીનું નામ પડતા જ સ્વાભાવિક પણે દર્દી અથવા તેમના સગાવ્હાલાનાં મનમાં અનેક સવાલો આવવા ડર લાગવો સ્વાભાવિક છે.

પરંતુ ઓર્થોડોન્ટિસ્ટ કે ઓરલ સર્જન નાં યોગ્ય માર્ગદર્શન દ્વારા એના વિશેનો ડર અને ભ્રમણા દૂર થઈ શકે છે.

તો મિત્રો આ સર્જરીથી વ્યક્તિના દેખાવ, સ્મિત અને કાર્યક્ષમતામાં ફેરફાર કરીને વ્યક્તિ ને વધુ આકર્ષક અને આત્મવિશ્વાસ સભર બનાવી શકાય છે.

# Team Sharddhadeep

## ઉજળો વારસો

● અનુસંધાન ચોથાનું ચાલુ...

રાબિયા કોઈપણ સંજોગોમાં ઈશ્વરનો સાથ અને તેની શરણાગતિ સ્વીકારે છે અને તેથી જ ઈશ્વર પણ તેને પોતાનાથી ઉપર સમજે છે. આ શરણાગતિમાં કોઈ નાનું નથી ને કોઈ મોટું નથી બસ બંન્ને પક્ષે સ્વૈચ્છિક શરણાગતિ. એક નાની છોકરી તેના ભાઈને કમરમાં તેડી ડુંગર ચડતી હતી. તે વખતે કોઈએ પૂછ્યું કેઃ આ તારા ભાઈનો વજન ઉપાડીને તું થાકી જતી હોઈશ ખરુંને ? ત્યારે પેલી છોકરીનો જવાબ સાંભળવા જેવો છે. તેણીએ કહ્યું કેઃ થાક કેમ લાગે ? આ તો મારો ભાઈ છે ! કોઈ બોજ નથી ! જો કોઈ વજન લઈને ચાલવાનું હોત જરૂર થાક લાગત. '

કુંતિ ભગવાન પાસે પોતાને હંમેશા દુઃખ આપવાનું કહે છે. ત્યારે કૃષ્ણ કુતુહલવશ થઈ ફોઈને પૂછે છે કે આવું કેમ? જવાબમાં કુંતિ કહે છેઃ ' સુખમાં હું પરમાત્માને ભુલી પણ જાવ પણ જો મારે માથે સતત દુખ હોય, વિપરિત સમય હોય તો મને પરમાત્માનું સતત સ્મરણ રહે. '

દુઃખ મે સુમિરન સબ કરે, સુખ કરે ન કોઈ; જો સુખ મે સુમિરન કરે, ઓ દુઃખ કાહે કો હોઈ.

સાંદિપની ઋષિના આશ્રમમાંથી છુટા પડતી વખતે સુદામા ભગવાન કૃષ્ણને ગદગદ કંઠે કહે છે :

'ગદગદ કંઠે કહે સુદામો, માગું દેવ મુરારિ; સદૈવ તમારાં ચરણ વિષે, મનસા રહેજો મારી.'

હું અલ્પજીવ એ સ્વયં ભગવાન, એકવાર પામું દરશન, તો હું જાણે પામ્યો ઈન્દ્રાસન.'

આમાં, સુદામાની કૃષ્ણ સાથેની આત્મિયતા ભક્તિથી પુષ્ટ થયેલી સહજ અને સજીવન લાગે છે. (મો.) ૯૪૨૮૨ ૧૯૦૩૧